આજની પ્રાર્થના....
માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨૭ | ૧૭ જુલાઈ, ૨૦૨૧, શનિવાર; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# નવનિર્મિત કેપીટલ રેલવે સ્ટેશનનનું વર્ચ્યુઅલ લોકાર્પણ

**વડાપ્રધાને ગાંધીનગરમાં આવેલ રેલ્વે સ્ટેશન, ૫ સ્ટાર હોટલ અને અમદાવાદ ખાતે એક્વાટિક અને રોબોટિક ગેલેરીનું લોકાર્પણ કર્યુ : ગરીબ અને અમીર વચ્ચેની ભેદરેખાને ભાંગશે ગાંધીનગર રેલવે સ્ટેશન, દેશનો દરેક નાગરિક વીવીઆઇપી છે, સાબરમતીના કેવા હાલ હતા એ કોણ ભૂલી શકે છે, આજે ત્યાં સી-પ્લેન ઉપલબ્ધ છે : વડનગરથી વારાણસી સુપરફાસ્ટ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો : નવા ભારતના વિકાસની ગાડી બે પાટા પર ચાલશેઃ મોદી**








ગાંધીનગર,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે એક્વાટિક અને રોબોટિક ગેલેરી તેમજ ગાંધીનગરમાં અપગ્રેડ કરવામાં આવેલું રેલવે સ્ટેશન તથા ૫ સ્ટાર હોટલ તથા વડનગરના રેલવે સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું છે. ઁસ મોદીએ દિલ્હીમાં બેઠા બેઠા વડનગરથી વારાણસી સુપર ફાસ્ટ ટ્રેનને લીલીઝંડી બતાવી હતી. આ પ્રસંગે દિલ્હીથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, ડે.સીએમ નીતિન પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ, રાજ્યના ચિફ સેકેટરી અનિલ મુકિમ તેમજ દર્શનાબેન જરદોશ સહિતના મહાનુભવો ઉપસ્થિત રહ્યાં.

પીએમે પોતાના ભાષણની શરુઆત કરતા ગુજરાતીમાં 'બધા મજામાં..'થી કરી હતી. પીએમે ગાંધીનગરથી જ વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું, પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ આ તમામ સ્થળોને નિહાળવા માટે ઉત્સુક છે.

પીએમે જણાવ્યું હતું કે, સારા જાહેર સ્થળો ખૂબ જ જરુરી છે, જેના વિશે ભૂતકાળમાં કોઈ વિચાર નહોતો થયો. ભૂતકાળમાં શહેરી આયોજનને લકઝરી માનવામાં આવતું હતું, જેના કારણે લોકોને સારી જાહેર જગ્યાઓથી વંચિત રહેવું પડતું હતું. સાબરમતી નદીનો ખાસ ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે પહેલા સાબરમતી કેવી હતી તે કોઈ ભૂલી શકે તેમ નથી. પરંતુ હવે રિવરફ્રંટ, પાર્ક તેમજ સી-પ્લેનથી તેનું સ્વરુપ જ બદલાઈ ગયું છે. તેવું જ કાંકરિયા વિશે પણ કહી શકાય.

સાયન્સ સિટી વિશે પીએમે જણાવ્યું હતું કે રોબોટ્સ અને ડાયનોસોરના રમકડાં માગતા બાળકો હવે તેમને સાયન્સ સિટીમાં જોઈને રાજી થશે. તેની એક્વેટિક ગેલેરી એશિયાના સૌથી ટોચના એક્વેરિયમમાં સામેલ છે. સાયન્સ સિટીમાં રોબોટિક ગેલેરી જોઈને વિદ્યાર્થીઓ રોબોટિક્સનો અભ્યાસ કરવા માટે પ્રેરાશે. પીએમે જણાવ્યું હતું કે જ્યારે તેમણે રોબોટિક્સ ગેલેરીના



ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર શેર કર્યા ત્યારે કોઈ માનવા તૈયાર નહોતું કે આ સ્થળ ભારતમાં આવેલું છે. તેમણે સ્ટૂડન્ટ્સને તેની મુલાકાત લેવા ખાસ અપીલ કરી હતી અને સ્કૂલોને પણ વિદ્યાર્થીઓને ત્યાં લઈ જવા જણાવ્યું હતું.

દેશભરમાં રેલ કનેક્ટિવિટી આજે મજબૂત બની હોવાનું જણાવતા પીએમે કહ્યું હતું કે ગાંધીનગર-વારાણસી વચ્ચે ટ્રેન શરુ થવાથી સોમનાથ અને વિશ્વનાથની ભૂમિ એકબીજા સાથે જોડાઈ છે. સરકાર રેલવેને માત્ર એક સેવા તરીકે નહીં પરંતુ સંપત્તિ તરીકે વિકસાવી રહ્યા છીએ. આવનરા દિવસોમાં ફ્રેઈટ કોરિડોર કાર્યરત બનશે અને તેનાથી માલગાડીઓની સ્પીડ પણ વધશે. દેશના દરેક મોટા શહેરોના રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવામાં આવશે. પીએમે કહ્યું હતું કે રેલવેએ વિસ્તરણની નીતિ બદલવી જોઈએ અને ગાંધીનગર તેનું મોટું ઉદાહરણ છે.

રેલવે સ્ટેશનોનો આર્થિક ગતિવિધિ માટે ઉપયોગ કેમ ન થઈ શકે? તેવો સવાલ કરતા

● અનુસંધાન પાન-૭ પર

## ૩૫ વર્ષ બાદ ગાંધીનગર સ્ટેશનની કાયાપલટ થઈ : અમિત શાહ

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, '૩૫ વર્ષ બાદ ગાંધીનગર સ્ટેશનની કાયાપલટ થઈ છે. ૨ નવી ટ્રેન આજથી શરૂ થવા જઈ રહી છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર સુધીની કનેક્ટિવિટી વધુ સુલભ બનશે.

## મુખ્યમંત્રીએ સરકારના ગુણગાન ગાયા

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, 'છેલ્લાં ૨ વર્ષમાં કોરોનાની મુશ્કેલીના કારણે રાજ્યમાં વિકાસના કાર્યો સ્થગિત થઈ ગયા હતાં. ત્યારે પ્રધાનમંત્રીએ દેશ સહિત ગુજરાતમાં વિકાસનો કાર્યો યથાવત રાખ્યાં છે. ગાંધીનગરમાં વિધાનસભા, દાંડી કુટીર, સહિત મહાત્મા મંદિર એક સાથે જોડાયેલ છે. ગુજરાતના વિકાસને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા સુધી પ્રધાનમંત્રીની વિકાસયાત્રા આગળ ધપી રહી છે.

# કૂવો ધસી પડતાં ૪૦ લોકો પડ્યા, ચારનાં મોત થયા : અનેક ફસાયા

**વિદિશા દુર્ઘટના, બાળકને બચાવવા ભીડ ઉમટી : મધ્ય પ્રદેશની દુર્ઘટનામાં ઘાયલ અને મૃતકોની સ્થિતિ હજુ પણ સ્પષ્ટ નથી થઈ શકી : ઘટના સ્થળે રેસ્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે**

વિદિશા,તા.૧૬

મધ્ય પ્રદેશના વિદિશા જિલ્લામાં ગુરૂવાર રાત્રે કંપાવી દેનારી દુર્ઘટના બની છે. લાલ પઠારમાં એક કૂવામાં બાળક પડી ગયું. તેને બચાવવા માટે જ્યારે લોકો પહોંચ્યા તો કૂવો જ ધસી પડ્યો. કૂવાની આસપાસ ભારે ભીડ હતી. જેના કારણે લગભગ ૪૦ લોકો કૂવામાં પડી ગયા. દુર્ઘટનામાં ઘાયલ અને મૃતકોની સ્થિતિ હજુ પણ સ્પષ્ટ નથી થઈ શકી. ઘટનાસ્થળે રેસ્યૂસપ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. કૂવો ધસી જવાની ઘટનામાં

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય ફોટો જર્નાલિસ્ટની અફઘાનિસ્તાનમાં હત્યા

**૨૦૧૮માં દાનિશને રોહિંગ્યા શરણાર્થી સંકટ પરની તેની વિશેષ ફોટોગ્રાફી માટે પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો**

કાબુલ, તા.૧૬

અફઘાનિસ્તાનમાં તાલિબાનના હુમલામાં પુલિત્ઝર પુરસ્કાર વિજેતા ફોટો જર્નાલિસ્ટ દાનિશ સિદ્દીકીનું નિધન થયું છે. ટોલો ન્યૂઝે આ અંગે માહિતી આપી છે. દાનિશ અફઘાનિસ્તાનના સ્પિન બોલદાક જિલ્લામાં અફઘાન સ્પેશિયલ ફોર્સ સાથે હતા અને રોઈટર્સ ન્યૂઝ એજન્સી માટે રિપોર્ટિંગ કરી રહ્યા હતા. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વની ઘણી સ્ટોરીઓ કવર કરી છે. દાનીશે ભારતમાં જામિયા મિલિયા ઈસ્લામીયામાં અભ્યાસ પૂરો કર્યો હતો. તેમના નિધન પર ભારતમાં અફઘાનિસ્તાનના રાજદૂત ફરીદ મામુંજેએ ટ્વિટ કર્યુ કે, કંધારમાં મિત્ર દાનિશ સિદ્દીકીના મૃત્યુના સમાચારથી ખૂબ જ દુઃખી છું. બે અઠવાડિયા પહેલા તેમના કાબૂલ જતા પહેલા મુલાકાત થઈ હતી. તેના કુટુંબ અને રોઈટર્સ પ્રત્યે સંવેદના છે.'

વર્ષ ૨૦૧૮માં દાનિશને અદનાન અબીદી સાથે રોહિંગ્યા શરણાર્થી સંકટ પરની તેની વિશેષ ફોટોગ્રાફી માટે પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો. અફઘાનિસ્તાન પહેલા તેમણે ઈરાકમાં યુદ્ધ, હાંક-કોંગમાં વિરોધ અને નેપાળના ધરતીકંપ જેવા સમાચારો પર પણ ખૂબ સારૂં રિપોર્ટિંગ કર્યું હતું. તાજેતરમાં તે કંધારમાં રિપોર્ટિંગ કરી રહ્યા હતા જ્યાં અફઘાનિસ્તાન અને તાલિબાન વચ્ચે તણાવ ચાલી રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર





TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬




"कर भला होगा भला"

Kadi Sarva Vishwavidyalaya - Gandhinagar

A University established vide Gujarat State Government Act 21 of 2007 in May 2007 and approved by UGC

ADMISSION NOTIFICATION 2021-22

Applications are invited for admissions to the following courses being offered at various constituent colleges of Kadi Sarva Vishwavidyalaya at its GANDHINAGAR and KADI campuses:

Courses offered at Gandhinagar Campus for admission / Enquiry With Contact No

Under Graduate Courses
- B.Sc Chemistry : 99781 31906, 97375 91991
- B.Sc Microbiology : 90990 89930, 90339 12730
- B.Sc Physics : 99090 01178, 94263 81640
- B.Sc. Mathematics : 98981 47798, 94087 62316
- B.Sc Computer Science : 94090 36889, 97267 37407
- BBA : 98989 07001, 99241 12270
- BCA : 90990 66030, 70963 09000
- B.Com : 97234 56258, 94265 73316
- B.Ed : 79905 90412, 88493 46782

PG Diploma Course
- PGDJMC : 84018 63229

Post Graduate Courses
- M.Sc Chemistry : 99781 31906, 97375 91991
- M.Sc Mocrobiology : 98981 74846, 99042 39209
- M.Sc Biotechnology : 98981 74846, 99042 39209
- M.Sc Physics : 99090 01178, 94263 81640
- M.Sc Mathematics : 94282 56467, 84010 04946
- M.Sc IT : 94090 36889, 97267 37407
- M.Com : 97234 56258, 85303 05000
- MSW : 70439 50999, 90331 06708
- Pharm.D / Pharm.D (PB) : 94082 16905, 98252 49242
- M.Sc Nursing : 079-23246560, 81404 24996
- Post Basic Nursing : 079-23246560, 99255 22796
- Master of Physiotherapy (MPT) : 99790 17118

Courses offered at Kadi Campus for admission / Enquiry With Contact No

Under Graduate Courses
- B.Sc Chemistry : 97244 34531, 95128 07210
- B.Sc Microbiology : 94280 63230, 99985 84414
- BBA : 94276 79746, 98981 36371
- BCA : 94274 52758, 94294 59700
- B.Com : 98243 49878, 97373 70023
- B.Ed : 99138 19444, 94080 64555

Post Graduate Courses
- M.Sc Chemistry : 93289 54636. 99130 20017
- M.Sc Microbiology : 99985 84414, 97121 28503
- M.Com : 98243 49878, 97373 70023
- MBA Integrated : 84889 29394, 02764-262225

Ph.D (Gandhinagar)
Forms are available along with details of Intake on University Website

Kadi Sarva Vishwavidyalaya, LDRP Campus, Sector – 15, Gandhinagar 94088 01690, Website: www.ksv.ac.in

Contact No for Enquiry / Counseling & Guidance

Gandhinagar Campus
- Bachelor of Engineering (B.E) : 98255 22691, 81601 80031
- Master of Engineering (M.E) : 98258 48387
- Master of Business Administration (MBA) : 99988 73083, 079 23245729, 97236 19370
- Master of Computer Applications (MCA) : 99240 51632, 91576 82227, 98981 98203
- Bachelor of Pharmacy (B.Pharm) : 079-23249069, 98985 61832
- Master of Pharmacy (M.Pharm) : 079-23249069, 99133 43734
- B.Sc Nursing : 079-23246560, 97241 21242
- Bachelor of Physiotherapy (BPT) : 94283 52218

Kadi Campus
- Bachelor of Engineering (B.E) : 94265 89220
- Master of Business Administration (MBA) : 84889 29394, 02764-262225
- Master of Computer Applications (MCA) : 94283 62637

For Enquiry Please Call ☎ +91-7877703333

Gandhinagar : Kadi Campus, Sector-23/LDRP Campus, Sector-15/Sector-12, 94088 01690
Kadi : Sarva Vidhayalaya Campus, Behind Railway Station, Kadi. 02764-244382

The Eligibility criteria and admission forms are available on university website www.ksv.ac.in. Form can be downloaded from website or can be obtained from respective institutes on payment of prescribed fees and filled in forms are to be submitted at the respective institute. Those who are downloading the application forms from the University website should submit the application with the prescribed fee.

REGISTRAR